જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૩/૦૨/૨૦૨૩ શુક્રવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૨૧૨/૨૦૨૩**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની**
**તા.૦૨/૦૨/૨૦૨૩ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

| પત્રક-૧ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | | | | | |
| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPC અને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૫૦ | ૦ | ૧૫૦ | ૪૨૮ | ૦ | ૪૨૮ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૭૦૩ | ૦ | ૧૦૦૭૦૩ | ૧૦૯૬૦૬ | ૦ | ૧૦૯૬૦૬ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૨૦ | ૧,૩૩,૫૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

## <u>નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-</u> <u>સમાચાર યાદી નં.૨૧૩/૨૦૨૩</u>

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૨ કેસ કરી, ૨૨ વ્યક્તિઓને ઝડપી, ૧૨૭ લીટર દેશી દારૂ, ૧૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૪ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૬ બિયર ટીન અને ૧ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૪ કેસ કરી ૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૧,૩૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## <u>તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-</u> <u>સમાચાર યાદી નં.૨૧૪/૨૦૨૩</u>

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૪૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૨ વ્યક્તિની અટકાયત કરી હતી.

## <u>છેતરપીંડીની ફરીયાદઃ-</u> <u>સમાચાર યાદી નં.૨૧૫/૨૦૨૩</u>

**નવરંગપુરાઃ** મનીષકુમાર રામાધાર સીંગ (ઉ.વ.૪૩) (રહે. ગાલા હેવન વૈષ્ણૌદેવી સર્કલ એસ.પી.રીંગ રોડ) એ તા.૦૨/૦૨/૨૦૨૩ ના રોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૫/૦૧/૨૦૨૨ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી પ્રવિણ મહેશ્વરી (રહે. રાધેશ્યામ ૧૦૪૩ બડાવાસ પીસાંગન અજમેર રાજસ્થાન તથા યોગેન્દ્ર સોહનલાલ (રહે. બસી મોહલ્લો પીસાંગન અજમેર રાજસ્થાન અને યશ પરાસર (રહે. ગઠના પાસે પીસાંગન અજમેર રાજસ્થાન) નાઓએ ભેગા મળી નવરંગપુરા પોસ્ટ ઓફીસ પાસે ૪-સ્મુતિ કુંજ સોસાયટી, રાજીવ હાઉસમાં આવેલ "રાજીવ પેટ્રોકેમીકલ્સ પ્રા.લી." નામની ઓફીસ ખાતેથી મનીષકુમાર સીંગને વિશ્વાસમાં લઈ પોલીસ સ્ટારીન ગ્રેનુઅલ્સ (પ્લાસ્ટીકના દાણા) નો માલ લઈ જઈ બાકી નિકળતા રૂપિયા ૪૬,૦૪,૩૩૭/- નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.એમ.ચૌધરી ચલાવે છે.

## <u>પર્સ ઝુટવી લઈ ગયાઃ-</u> <u>સમાચાર યાદી નં.૨૧૬/૨૦૨૩</u>

**સેટેલાઈટઃ** રેણુકા સુનીલ મહેતા (ઉ.વ.૬૫) (રહે. ગુલમોહર ફોલીએઝ સી.એન.વિધાલય પાસે આંબાવાડી) તા.૦૨/૦૨/૨૦૨૩ બપોરના ૪/૪૫ વાગ્યાના સુમારે રિક્ષામાં બેસી શિવરંજની ચાર રસ્તા પાસે મોતીપાર્ક સોસાયટી સામેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ રેણુકા મહેતાને છરા જેવુ હથિયાર બતાવી રેણુકા મહેતાના હાથમાંથી પર્સ ઝુટવી લઈ નાસી ગયા હતા. જે પર્સમાં એપલ કંપનીનો મોબાઈલ ફોન કિમત રૂપિયા ૧,૦૦,૦૦૦/-, રોકડ રૂપિયા ૧૫,૦૦૦/- તેમજ જરૂરી દસ્તાવેજ હતા. આ અંગેની ફરીયાદ રેણુકા મહેતાએ સેટેલાઈટ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.એ.રાઠોડ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૧૭/૨૦૨૩**

**વાસણાઃ** પોપટભાઇ ટાભાભાઇ કોચરા (ઉ.વ.૫૨) (રહે. કાઠીયાવાડીની ચાલી સોરાઇનગર વાસણા) એ અગમ્ય કારણસર તા.૦૨/૦૨/૨૦૨૩ કલાક ૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતની પાઇપ સાથે રસ્સી બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને વા.સા.હોસ્પીટલ ખાતે લઇ જતા ફરજ પરના ડૉ.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. અંગે વાસણા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.કે.પરીખ ચલાવે છે.

**કૃષ્ણનગરઃ** દિપક રૂપચંદ નાચકાણી (ઉ.વ.૪૨) (રહે. કવરગલી શાક માર્કેટ ઠક્કરનગર) એ અગમ્ય કારણસર તા.૦૨/૦૨/૨૦૨૩ સવારના ૯/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે રસ્સી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી દિનેશકુમાર જીવાજી ચલાવે છે.

**નિકોલઃ** આશાબહેન વા/ઓ દિપકભાઇ પરાતે (રહે. સયાજી સમૃધ્ધી ફ્લેટ કઠવાડા રોડ નિકોલ) એ અગમ્ય કારણસર તા.૧૮/૦૧/૨૦૨૩ સવારના ૯/૦૦ વાગ્યાના સુમારે રહેણાંકની ગેલેરીમાંથી પડતું મુકતા ગંભીર ઇજાઓ થતા સારવાર માટે વાડજ અર્હમ હોસ્પીટલ ખાતે દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૧/૦૨/૨૦૨૩ રાતના ૮/૪૫ વાગે તેમનું મૃત્યું નિપજયું હતુ. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી જે.બી.શિયાળ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી